# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-12-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના બીજા ટર્મમાં બે વર્ષ પુર્ણ થવા નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા.
- મુખ્યમંત્રીએ એફપીઓના માધ્યમથી ખેડૂતોને સામૂહીક ખેતી કરવા માટે ભારપૂર્વરક અનુરોધ કર્યો.
- આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં પીએમજેએવાય – મા યોજનાની સમીક્ષા બેઠક મળી.
- સાણંદમાં મદરેસામાં કામ કરતા એક શંકાસ્પદ વ્યક્તિની રાષ્ટ્રીય તપાસ એજન્સીએ અટકાયત કરી.
- ગુજકેટ -2025 માટે 17 થી 31 ડીસેમ્બર દરમિયાન ઓનલાઇન આવેદનપત્ર ભરી શકાશે.
- રાજ્યમાં બોટીંગ પ્રવૃત્તિઓમાં સલામતી માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા 'ગુજરાત ઇનલેન્ડ વેસેલ્સ નિયમ, ૨૦૨૪' જાહેર કરાયા.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## CM 2 YEAR

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના બીજી ટર્મમાં બે વર્ષ પુર્ણ કર્યા છે.. આ બે વર્ષની ઉજવણી ગરીબ, યુવાન, અન્નદાતા અને નારી શક્તિના વિકાસની વસ્તુ પર યોજાવણાં આવી છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ બે વર્ષઃ સેવા , સમર્પણ અને સુશાનના શિર્ષક સાથેના એક પુસ્તકનું પણ ગાંધીનગર ખાતે વિમોચન કર્યું હતું.

(વોઇસ કાસ્ટ-અપર્ણા ખૂંટ)

## Appointment letter CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં રાજય સરકારના વિવિધ વિભાગોમાં નિમણુંક પામેલા 580 યુવાનોને નિમણુકપત્રો એનાયત કર્યા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલેના નેતૃત્વવાળી વર્તમાન રાજય સરકારના બે વર્ષ પૂર્ણ થઇ તૃતીય વર્ષમાં પદાર્પણ અવસરે આજે મહાત્મા મંદિરમાં સમારોહ યોજાયો હતો. ગાંધીનગરમાં નિયુક્ત પ્રમાણપત્ર એનાયત કરતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુશાસનની જે પ્રણાલી પ્રસ્થાપિત કરી છે, તેને પારદર્શક ભરતી પ્રક્રિયાથી વર્તમાન સરકાર આગળ ધપાવી રહી છે.

(બાઇટ-મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

## CM FPO

રાજય સરકારના સેવા, સુશાસન અને સમર્પણના બે વર્ષ પૂરા કરી ત્રીજા વર્ષમાં પર્દાપણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, રાજયમાં કૃષિ ક્ષેત્રમાં ખેડ્ડત અને ખેતીના સર્વાંગી વિકાસથી ક્રાંતિકારી પરિવર્તન લાવવાનું શ્રેય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાય છે. રાજય સરકારના સુશાસનના આજે બે વર્ષ પૂર્ણ થતા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ફાર્મસ પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન એફપીઓના પ્રતિનિધિઓ સાથેના સંવાદમાં મુખ્યમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકાર ખેતીમાં નવીનીકરણ અને સુધારા માટે સતત પ્રયાસો કરી રહી છે.

આ તકે મુખ્યમંત્રીએ એફપીઓના માધ્યમથી ખેડૂતોને સામૂહીક ખેતી કરવા માટે ભારપૂર્વરક અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ પ્રાકૃતિક કૃષિ પોર્ટલનું લોન્ચ કર્યું હતું. રાજયભરમાંથી આવેલા એફપીઓને વિવિધ સહાયના ચેક અર્પણ કર્યા હતા.

## PMJAY Guidelines SOP

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં પીએમજેએવાય – મા યોજનાની સમીક્ષા બેઠક મળી હતી. આ બેઠકમાં આ યોજનાની નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું છે કે, પીએમજેએવાય મા યોજનામાં પૈસાની લાલચમાં દર્દીઓ સાથે ગેરરીતી આચરતા લોકો માટે નવી માર્ગદર્શિકામાં પુરતું ધ્યાન રાખવામાં આવ્યું છે. આ યોજના હેઠળ મળતી સારવારને વધુ સુગ્મ્ય અને સમગ્ર વ્યવસ્થાને સુદ્રઢ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ)

<u>ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળ પી.એમ.જે.એ.વાય. સાથે જોડાયેલી હોસ્પિટલે ફરજીયાત નોંધણી કરવાની રહેશે.</u>

<u>કેન્સરની અને બાળકોની લગતી સારવાર માટેની પણ નવીન માર્ગદર્શિકા બનાવવામાં આવી છે જેમાં કેન્સરની કેટલીક સારવાર માટે ટ્યુમર બોર્ડનું સર્ટિફિકેટ પણ ફરજીયાત કરવામાં આવશે. જિલ્લા અને રાજ્ય સ્તરે સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટની અલાયદી ટીમો તૈયાર કરાવામાં આવશે. જે સંલગ્ન હોસ્પિટલની ફરિયાદના આધારે, શંકાસ્પદ કામગીરી અંગે આકસ્મિક મુલાકાત લઇની જરૂરી કાર્યવાહી હાથ ધરશે.</u>

હૃદયરોગની સારવાર કરતી હોસ્પિટલોએ એન્જીયોગ્રાફી કે એન્જીયોપ્લાસ્ટી CD દર્દીઓને અને આરોગ્યવિભાગને જમા કરાવવાની રહેશે.

ગાંધીનગરથી દુર્ગેશ મહેતા સાથે સમાચાર વિભાગથી અજય ઇન્દ્રેકર.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## NIA raids

અમદાવાદ જીલ્લાના સાણંદમાં મદરેસામાં કામ કરતા આદિલ નામના એક શંકાસ્પદ વ્યક્તિની રાષ્ટ્રીય તપાસ એજન્સી – એનઆઇએ એ અટકાયત કરીને વધુ પૂછપરછ હાથ ધરી છે. આતંકવાદી સંગઠન જૈશે – એ મોહંમદ સાથેના કનેકશનને લઇને શંકાસ્પદ વ્યક્તીની પૂછપરછ કરવામાં આવી રહી છે.

મળતી માહીતી મુજબ આદિબ  જૈશે – એ મોહંમદ નામના આતંકી સંગઠન સાથે જોડાયો હોવાની માહીતી એનાઇએ ને મળી હતી. જેના આધારે અમદાવાદ જીલ્લાની પોલીસની મદદ લઇને ગત મોડીરાત્રે તેની અટકાયત કરવામાં આવી છે. આદિલ ઓનલાઇન પ્લેટફોર્મ દ્વારા દેશવિરોધી કૃત્ય કરતા આતંકવાદી સંગઠન સાથે જોડાયો હોવાની માહીતી એનઆઇએ ને મળી હતી.

## GUJCET

એન્જીનિયરીંગ અને ફાર્મસી અભ્યાસક્રમ માં પ્રવેશ માટેની પરીક્ષા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ -ગુજકેટ -2025 માટે 17 થી 31 ડીસેમ્બર દરમિયાન ઓનલાઇન આવેદનપત્ર ભરી શકાશે. પરીક્ષા અંગેની માહિતી પુસ્તિકા અને

ઓનલાઇન આવેદનપત્ર ભરવાની સૂચના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર મૂકવામાં આવશે. પરીક્ષાનું આવેદનપત્ર www.gseb.org અને gujcet.gseb.org પરથી ભરી શકાશે. 350 રૂપિયાની પરીક્ષા ફી SBIePay Sytem મારફતે ઓનલાઇન અથવા SBIePayના "SBI Branch Payment" ઓપ્શન દ્વારા કોઈપણ SBI બ્રાન્ચમાં ભરી શકાશે.

## Gujarat Inland Vessels Rule

રાજ્યમાં બોટીંગ પ્રવૃત્તિઓમાં સલામતી માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા 'ગુજરાત ઇનલેન્ડ વેસેલ્સ નિયમ, ૨૦૨૪' જાહેર કરાયા છે. જેમાં પ્લેઝર ક્રાફ્ટ/બોટના રજિસ્ટ્રેશન, સર્વે અને ઓપરેશન માટેની પરવાનગી તથા રાજ્યમાં આંતરિક જળમાર્ગો પર સંચાલિત બોટના નિયમન માટેના નિયમોનો સમાવેશ થાય છે.

આ નિયમ અનુસાર રાજ્યના પ્લેઝર ક્રાફ્ટ/બોટના માલિકોએ સંબંધિત જિલ્લા કલેક્ટરની કચેરીમાં ફરજિયાત નોંધણી કરાવવાની રહેશે. બોટની નોંધણી બાદ ગુજરાત મેરીટાઈમ બોર્ડના સર્વેયર દ્વારા બોટનું સર્વેક્ષણ કરવામાં આવશે. બોટનું સંચાલન કરવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા મ્યુનિસિપલ કમિશનર પાસેથી પરવાનગી મેળવવી જરૂરી છે

## Postal Court

અમદાવાદ જીપીઓની ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે અમદાવાદ ખાતે 27મી ડિસેમ્બરે ડાક અદાલત યોજાશે.

આ ડાક અદાલત અમદાવાદમાં આવેલ જીપીઓ રિલીફ રોડ ખાતે યોજાશે. આ અદાલતમાં ટપાલ ખાતાની સેવાઓ જેવી કે, મનીઓર્ડર, રજીસ્ટર અને કાઉન્ટર પરની સેવાઓને લગતી ફરિયાદોનો નિકાલ કરવામાં આવશે. આવી

ફરિયાદો 20મી ડિસેમ્બર સુધીમાં મેનેજર કસ્ટમર કેર સેન્ટર અમદાવાદ જીપીઓને મોકલવાની રહેશે.

## KALA MAHAKUMBH - PANCHMAHAL

પંચમહાલ જિલ્લાના 06 વર્ષથી 60 વર્ષની વયજૂથના લોકો માટે કલા મહાકુંભ 2024-25 યોજાશે. રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ-ગાંધીનગર તથા કમિશનર તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી-ગાંધીનગર દ્વારા આયોજીત આ કળા મહાકુંભમાં 6 થી 14 વર્ષ, 15 થી 20 વર્ષ, 21 થી 59 વર્ષ અને 60 વર્ષથી ઉપર એમ ચાર કેટેગરીમાં સ્પર્ધા યોજાશે